સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

સાંધારતથી તો હવે લોકો એ હાથ ધોઈ નાખ્યા!
વાત્સલ્ય-પ્રેમથી પ્રજાને દો ગજ દૂર જ રાખ્યા!
બાંધ્યાં છે માસ્ક સરકારી સવલતો માટે -
જે કોરોનાથી છટક્યાં છે એને રસી માટે રાખ્યા?!

આબરૂ પણ -
છે 'પ્રાણવાયુ' પર -
બે છે ડચકાં!
(સરકારી સુવિધાઓ)

છોડી મર્યાદા -
પદ પ્રતિષ્ઠા પણ -
પ્રચાર સ્તરે...
(મા. વડાપ્રધાનશ્રી મોપેડ પર)

હાઈકુ

ચિંતન

એકમેવાક્ષરં યસ્તુ ગુરુઃ શિષ્યં પ્રબોધયેત્ ।
પૃથિવ્યાં નાસ્તિ તદ્દ્રવ્યં યદ્ દત્ત્વા ચાઽનૃણી ભવેત્ ॥

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત પદાવલિમાંથી લેવામાં આવેલ છે.

અહીંયા ગુરુની મહિમાના મહત્વને ટેકો આપીને કહે છે કે જે એક ગુરુ એક અક્ષરનું પણ જ્ઞાન ધરોવ છે, તેના ઋણમાંથી મુક્ત થવા માટે તેમને આપવા યોગ્ય પૃથ્વી પર કોઈ પદાર્થ નથી. અર્થ એટલો જ કે ગુરુ શબ્દનો અર્થ છે - અજ્ઞાનને હટાવીને જ્ઞાન પ્રકાશ કરના. આવો ગુરુ બ્રહ્મા, વિષ્ણુ અને સાક્ષાત્ પરબ્રહ્મ સમાન છે. એકાક્ષર ઓમને પરબ્રહ્મ માનવામાં આવે છે. જો એ જ એકાક્ષર ઓમકારનું જ્ઞાન જે ગુરુએ કરાવી દીધું તો તેનાથી વધુ બચ્યુ જ શું ? વેદોમાં તો ત્યાં સુધી કહેવામાં આવ્યું છે કે એક શબ્દનો યોગ્ય પ્રયોગ અને જ્ઞાનથી સ્વર્ગલોક અને આ લોકમાં બધી ઈચ્છાઓની પૂર્તિ થઈ જાય છે.

સુવિચાર

- એક 'સીદી લીટી' ફુટપટ્ટી વગર દોરી જોજો, સમજાઈ જશે કે, 'સરળ બનવું' ધારીએ છીએ તેટલું સહેલું નથી હોતું - **હીના કુલાલ**
- સચ્ચે ઈન્સાન કો ઝુઠે ઈન્સાન સે અકસર જયાદા સપાઈ દેની પડતી હૈ - **દિનેશ સંગદીલ**
- પ્રશંસક તમારી સ્થિતિ જુએ છે અને શુભચિંતક તમારી પરિસ્થિતિ - **જીવન પાથેય**
- વાણી બતાવી દે છે કે સ્વભાવ કેવો છે, દલીલ બતાવી દે છે કે જ્ઞાન કેવું છે - **એસ. ભટ્ટાચાર્ય**
- હારીને પણ ના હારવું એ જ શરૂઆત છે જીતની - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- બધા ભલે ફેમસ થતાં, આપણે તો ફેવરીટ થવાનું - **મૃગેશ વૈષ્ણવ**
- આજનું ઔષધ : પીપળાની છાલને પાણીમાં દસ મિનિટ ઉકાળી તે પાણી ઠંડુ પડે એટલે સવાર સાંજ ૫૦ મિલિ પીવાથી પેટનો દુઃખાવો અને ડાયેરિયામાં તરત રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

બે વ્યક્તિ જંગલમા ભૂલા પડ્યા. ગીચ જંગલ, ખૂંખાર પ્રાણીઓની ત્રાડો, ઘનઘોર અંધારું. એકવ્યક્તિ ફિલસૂફ હતા,અને બીજા આધ્યાત્મિક. એક શંકાશીલ અને બીજા શ્રદ્ધાવાન. અચાનક વાતાવરણમાં આંધી તોફાન શરું થયું. ગાજવીજ અને ધોધમાર વરસાદ થવા લાગ્યો. ફિલસૂફ આકાશ સામે તાકી રહ્યો, એને થયું આ બધું શું થઈ રહ્યું છે? કેમ થઈ રહ્યું છે? કઈ રીતે થઈ રહ્યું છે? વિચારોના વમળમાં એ વારંવાર રસ્તો ચૂકી જતો હતો. જયારે શ્રદ્ધાળુ રસ્તા તરફ નજર રાખી ધીમે ધીમે આગળ વધી રહ્યો હતો. વીજળીનો ઝબકારો થતો ત્યારે એ આગળનો રસ્તો જોઈ લેતો અને મક્કમ રહી શ્રદ્ધાપૂર્વક આગળ વધી રહ્યો હતો. આપણી પણ વાત એવી જ છે કે આપણે પણ જંગલમાં ભટકી ગયા છીએ. ચારેતરફ અંધારું છે. વીજળીના ચમકારે રસ્તો શોધતા જવાનું છે. રસ્તાને અનુસરતા રહીએ. કર્મ કરતા રહીએ. વિચાર, તર્ક મદદ નહીં કરી શકે. કૃત્ય મદદ કરશે. કારણ કે વિચાર મનમાં ચાલે છે. સમગ્રતા વિચારોથી નહીં કર્મથી આવે છે. અણધાર્યા આવેલા પડકારનો સામનો કરવા માટે વર્તમાનમાં ઉદ્ભવેલી તકને જે ઝડપી લે એ જ ખરો બુદ્ધિશાળી.

માનવીના જીવનના અધિકાર સામે પડકાર

તંત્રીસ્થાનેથી...

સતત નવા વિકમો આંબતું કોરોના વાઈરસ આગામી ત્રણ સપ્તાહ દરમિયાન ભારતને વિશ્વમાં સૌથી વધુ સંક્રમિત રાષ્ટ્ર તરીકે પ્રસ્થાપિત કરી શકે છે. અમેરિકાના આર્થિક વિકાસની સાથે કરવાનાં સપનાં સેવતો દેશ કોવિડ-૧૯ના સંક્રમણ મુદ્દે વિશ્વ વિકમ સ્થાપવાની દિશામાં અગ્રેસર થઈ રહ્યો છે ત્યારે પણ નેતાઓ લાખોની ભીડ વાળી ચૂંટણી સભાઓ સંબોધવામાં પાછી પાની નથી કરી રહ્યા. આ જમાત પેલા નાગા બાવાઓની જમાત કરતાં ઓછી હઠીલી નથી. જો કે હરિદ્વારમાં ચાલી રહેલા મહાકુંભને મધ્યપ્રદેશના એક જાણીતા અખાડાના મહાત્માના દેહવિલય પછી ખુદ સાધુ મહાત્માઓ પણ ગંભીરતાથી લેતા થઈ ગયા છે. કુંભની અધિકૃત સમાપ્તિ પૂર્વે જ એક અખાડાએ વિદાય લીધી છે. આશ્ચર્યની બાબત એ છે કે ઉત્તરાખંડના અંધશ્રદ્ધાળુ અને નિવેદનશૂરા નવા મુખ્યમંત્રી તો હજી એમ જ માની રહ્યા છે કે ગંગામૈયા બધાનું રક્ષણ કરશે. તબલીગી જમાતના મરકઝ સાથે હરિદ્વારના કુંભને સરખાવવો બરાબર નથી! એમના એક મંત્રી કહે છે કે ઉંમર થાય એટલે બધાએ મરવાનું તો છે જ. એમને કોરોનાથી થનાર મોતનો લેશ પણ અફસોસ નથી. અવૈજ્ઞાનિક અભિગમ ધરાવતા આવા અર્ધદગ્ધ નેતાઓના હાથમાં દેવભૂમિનું સુકાન સોંપીને ભારતીય જનતા પાર્ટી શું સિદ્ધ કરવા માગે છે તે સમજાતું નથી. તમામ પ્રયાસો પછી પણ કોરોના સામેની આપણી લડાઈ માત્ર આંધળૂકિયાં જ સાબિત થઈ છે. રસીકરણનો વેગ વધારીને કે હર્ડ ઈમ્યુનિટીની વિશકુલ પ્રતીક્ષા કરીને આપણે ઊંચા મને જીવવાનું છે. ઊંચા મન કયારે અધૂરા શ્વાસમાં ફેરવાઈ જશે એની કોઈ જ ગેરંટી નથી. આવી વિકટ પરિસ્થિતિમાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રીએ કોવિડ-૧૯ને 'રાષ્ટ્રીય મહામારી' જાહેર કરી ગરીબ વર્ગને પૈસા ફાળવવાનું સૂચન કર્યું છે તે યોગ્ય છે. જેવું આંશિક લોકડાઉન અથવા કર્ફ્યૂ જાહેર થયો કે મુંબઈમાં રેલવે સ્ટેશનો પર વતન પરત જવા માગતા શ્રમિકોનાં કીડિયારાં ઊભરાઈ રહ્યાં છે. બિહાર, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન કે ઓડિશા જેવા રાજયોમાંથી રોટલો રળવા મુંબઈ આવનારાં લાખો શ્રમિકો ફરી એકવાર કુદરતી કેર સામે લાચાર બની ગયાં છે. એમના નોકરી દાતાઓએ એ બહાંને છૂટાં કરી દીધાં છે. ભારતની કારમી ગરીબી વિરુદ્ધ 'પાંચ ટ્રિલિયનની ઈકોનોમી'નાં સ્વર્ણિમ સપનાં કે વિશ્વના માલેતુજારોની પંગતમાં અંબાણી-અદાણીની હાજરીથી આપણે આશ્વાસન લઈ શકીએ ખરાં? એ કઠોર વાસ્તવ છે કે જે દેશ શસ્ત્રોની ખરીદી પાછળ અબજો રુપિયાનો ધુમાડો કરી છાતી ફુલાવતો ફરે છે એનો એક બહુસંખ્ય જનસમુદાય બે ટંકના રોકટાનો મોહતાજ છે. અંબાણી-અદાણી કે તાતા એ સમુદાય માટે કશું જ છોડવા તૈયાર નથી. સરકાર ધનવાનોની છે, હતી અને રહેશે. કઈ પાર્ટી સત્તા પર આવે છે તે ગૌણ બાબત છે. લોકશાહીનાં ભૂખ્યાંતરસ્યા ભિખારીથી લઈ વિશ્વના અપજોપતિની હરોળમાં બેસતા ધનકુબેરોને એક જ મત આપવાનો સમાન અધિકાર છે. એથી આપણે વિશ્વની સૌથી મોટી લોકશાહી હોવાનું ગૌરવ લેતા ફરીએ છીએ. પરંતુ પેલા બહુસંખ્ય શ્રમિક વર્ગ માટે તો એનો મતાધિકાર કાં તો ધર્મના કે જાતિના મુદ્દે અથવા થોડા રુપિયા, ચવાણું અને દારૂની પોટલીના નામે વપરાતો રહે છે. આવા સંજોગોમાં સંવેદનશીલ નાગરિકને કદાચ આ દેશમાં ત્રાસજનક હાલતમાં જીવવા કરતાં વિદેશમાં સેકંડ રેટ સિટીઝન થઈ જીવવું ગમે તો એથી અકળાવવાની જરૂર નથી. જે લોકશાહી કે રાજયવ્યવસ્થા માનવીની અંગત જરૂરિયાતો, સ્વાસ્થ્ય અને ગરિમાની ખાતરી ન આપી શકે એને વખાણવી પડે એ તો આત્મવંચના જ ગણાવી જોઈએ. એ તે કેવી લોકશાહી જેમાં નાગરિકોના જીવવાના અધિકારની કોઈ ગેરંટી જ ન હોય!

RT-PCR એ કોરોનાની દવા છે

RT-PCRનો રિપોર્ટ નેગેટીવ આવે એટલે કોરોના નથી?

તન દુરસ્તી
મહેન્દ્ર ગજજર

કોરોના શબ્દ હવે બાણની જેમ વાગવા માંડ્યો છે. ચારેબાજુ કોરોનાની દહેશત છે જે પરિસ્થિતિ ખૂબ જ ખરાબ છે. શું કરવું એ કોઈને ખબર પડતી નથી. દાખલ થવું, ઘરે બેસીને કોરોનાની દવા કરવી એ વાતની લોકોમમાં ચિંતા છે. લોકો કોરોનાનો RT-PCR ટેસ્ટએ દવા હોય હેવું માનીને કોરોનાનો ટેસ્ટ કરાવવા માટે ધમપછાડા કરે છે.

ડાહ્યાભાઈએ આજે જરા વધારે પડતા દુઃખી હતા. આજે વડના ઝાડ નીચે કોઈ આવેલું નહોતું. એકલા ડાહ્યાલાલ પોતાના મનમાં વિચારતા અને બોલતા રહેતા. ચારેબાજુ કોરોનાનો RT-PCR કરવા માટે ખૂબ ધસારો હતો. સરકારી તંત્ર રેપીડ એન્ટીજન ટેસ્ટ કરે છે. પણ એમાં લોકોને શ્રદ્ધા નથી. ખરેખર તો રેપીડમાં જો ટેસ્ટ પોઝીટીવ આવે તો તેને કોરોના માની જ લેવો. કોરોના પોઝીટીવ રેપીડ ટેસ્ટને RT-PCR તી કન્ફર્મ કરવાની કોઈ જરૂર નથી. તમારો રેપીડ એન્ટીજન ટેસ્ટ જો પોઝીટીવ અને RT-PCR ટેસ્ટ નેગેટીવ આવે તો શું ? કોરોના નથી? ના, કોરોના તો છે જ કોઈ પણ મેથર્ડથી કોરોના પોઝીટીવ આવે તો એને પોઝીટીવ જ ગણવો. આવું કેમ થાય? એક મેથર્ડથી નેગેટીવ આવે અને બીજી મેથર્ડથી પોઝીટીવ આવે એવું કેમ બને ? એના કારણમાં એવું કહી શકાય કે જો સેમ્પલ બરાબર જગ્યાએથી ન લેવાયું હોય તો આવું બને. ડાહ્યાલાલ આવું બોલતા હતા અને ગાંડાલાલનો પ્રવેશ થયો. ડાહ્યાલાલ તમે બોલતા હતા એ મેં સાંભળ્યું. તો બિચારી પ્રજા શું કરે? ડાહ્યાલાલે કહ્યું પહેલા રેપિડ ટેસ્ટ કરાવવો જોઈએ એમાં જો પોઝીટીવ આવી જાય તો એને પોઝીટીવ ગણવો પછી RT-PCR ના કરાવવો. રેપીડ ટેટ નેગેટીવ આવે અને કોરોનાના લક્ષણ હોય એટલે શું? પહેલા તો તાવ આવવો જોઈએ. ગળામાં દુઃખવું જોઈએ. અશક્તિ લાગવી જોઈએ. કોઈ વખતે ઝાડા થઈ જાય છે. કોઈ વખત માથું પણ દુઃખે છે. આવા લક્ષણો હોય છે. એવું પણ બન્યું છે. તાવ ન હોય ગળામાં જ દુઃખાવો હોય તો પણ RT-PCR કે એન્ટીજન ટેસ્ટ પોઝીટીવ આવતો હોય છે. RT-PCR અથવા તો એન્ટીજન પોઝીટીવ હોય એટલે કોરોના કહેવાય. હવે વાત રહી દવાની. ડૉકટરો ક્યાંક મળતા નથી. અને દર્દીને દુરથી તપાસે છે. એક જ જાતની સરખી દવા ડૉકટર પોતપોતાની રીતે લખતા હોય છે. ગાંડાલાલે પૂછ્યું, આ બધું તો બરાબર પણ દર્દીએ ધ્યાન રાખવા જેવું શું? ડાહ્યાલાલે કહ્યું, સરસ સવાલ પૂછ્યો. જો ગાંડાભાઈ કોરોના વાયરસથી થતો રોગ છે. શરદી ઉધરસ થાય એમાં પણ વાયરસ જ જવબાદાર હોય છે. પહેલા પણ જયારે કોરોના નહોતો ત્યારે પણ શરદી ઉધરસ વાળાને બધા જ દૂર રાખતા. એવી જ રીતે જે લોકોને શરદી થઈ હોય. તાવ આવતો હોય એમણે ઘરમાં કોરોન્ટાઈન થઈ જવું જોઈએ. જેથી સાદો વાયરસ અથવા કોરોનાનો વાયરસ ઘરના બીજા સભ્યોને ન લાગે. એટલે કોરોનાનો ટેસ્ટ કરાવવો કે ન કરાવવો? પોતાની જાતને અને ઘરનાને સુરક્ષિત રાખવાના. ગાંડાલાલ બોલ્યા ટેસ્ટ વગર કઈ રીતે કહેવાનું કે કોરોના છે કે નહીં એમ ? ડાહ્યાલાલ બોલ્યા, જોવો ગાંડાલાલ એન્ટીજન માટે ભલે મફતમાં થાય છે પણ લાંબી-લાંબી લાઈનો છે અને RT-PCR માટે લોકોની ભલામણ કરવી પડે છે. ત્યારે લેબોરેટરીવાળા સેમ્પલ લે છે. અગત્યની વાત એ કે બંને ટેસ્ટની સેન્સેટીવીટી ૧૦૦ ટકા નથી. રેપિડ એન્ટીજનની સેન્સેટીવીટી ૫૦ ટકા ને પોઝીટીવ આવે એવી જ રીતે RT-PCR માંથી ૧૦૦ માંથી ૬૫ જણને જ પોઝીટીવ આવે. ગાંડાલાલ બગડ્યા આ તો કઈ રીત છે. લોકોની મશ્કરી કરો છો. બાઈ આતો સાયન્સ છે. કોઈ ૧૦૦ ટકા પરફેક્ટ નથી. હવે કરવાનું શું? તો કોરોના જેવા અથવા તો સાદી શરદી જેવા લક્ષણો દેખાય તો કોઈ પણ ટેસ્ટ કરાવ્યા સિવાય કોરોન્ટાઈન થઈને અમુક મેડિકલ સ્ટોરમાં શરદી અને કોરોનાની દવાની કીટ મળે છે એ શરૂ કરવી. શરદીના ૩ દિવસ પછી D-Dimer, CRP, Ferritin, IL-6 કરાવી લેવા અને આંગળી ઉપર ઓક્સિજન મીટર મુકી જોઈ લેવું. લેબના ટેસ્ટ નોર્મલ આવે એન ઓક્સિજન સેચ્યુએશન ૯૫થી ઉપર આવે તો કોઈ પણ જગ્યાએ દોડાદોડ કરવાની જરૂર નથી. D-Dimer ૫૦૦ થી નીચે, IL-6 ૭ની નીચે, IL-6-૫ની નીચે ઓક્સિજન ૯૫થી ઉપર હોય તો સાદી શરદી કોરોનાથી ગભરાશો નહીં. બહુ ગભરાઈને વધારે પડતા પેનિક થવાની જરૂર નથી. અત્યારે જે મૃત્યુ થયા એ બધામાં ઓક્સિજન લેવલ ૯૦થી નીચા હોય એવા લોકોને અથવા વાયરસના ચેપને લીધે થયા છે. એના લીધે બે વસ્તુ જ ધ્યાનમાં રાખવા જેવી છે. જો ફેફસામાં ન્યુમોનિયા થશે તો જ ઓક્સિજનનું લેવલ ૯૦ કરતા ઓછું હશે. એટલે વારંવાર CBC અને શ્વાસમાં તકલીફ પડે તો CT-SCAN કરાવવું....

સૌંદર્ય ઉપાસક તથા સત્યવક્તા : કવિ નાનાલાલ

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

કવિ નાનાલાલે કહેલી એક વાત ધ્યાન દઈને સાંભળાવા જેવી છે :

''આજે ગુજરાતમાં તથા ભારતમાં ચર્ચાતી એક વાત વિશે મારો અનુભવ કહું તો અસ્થાને ન ગણશો. અંગ્રેજી ભાષા ભણવી કે ન ભણવી ? કેટલાક કહે છે રાજભાષા છે (તત્કાલિન સંદર્ભ) માટે ભણો. મારે મન એ નબળી દ્રષ્ટિ છે. કેટલાક કહે છે જગત વ્યાપારની ભાષા છે માટે ભણો. મારે મન એ વૈશ્ય દ્રષ્ટિ છે.... મારી દ્રષ્ટિ એમ ઉચ્ચરે છે કે અંગ્રેજી ભાષા એ જગત સાહિત્યનું પ્રવેશદ્વાર. માટે તે ભણો. હું તે ન ભણ્યો હોત તો જગતની અનેક સાહિત્યવાડીઓ મારે અપરિચિત જ રહેત. ગુજરાતી ભાષા માનું ધાવણ પાય છે. અંગ્રેજી ભાષા જગત સાહિત્યમાં લઈ જઈ મૂકે છે. સંસ્કૃત ભાષા સર્વનો અદ્ભૂત સમન્વય... આ ત્રણે ભાષાઓના જ્ઞાન વિના ગુજરાતી બાળક પંગુ રહે. ઞ્ઞ (શ્રેષ્ઠ ન્હાનાલાલ. ગૂર્જર પ્રકાશન-૨૦૦૯) કવિ નાનાલાલ (૧૮૭૭ થી ૧૯૪૬)ની આ વાત આજે પણ સંદર્ભયુક્ત લાગે છે. ભર્તુહરી મહારાજે કહ્યું છે તેમ કવિને મરણ કે વૃધ્ધત્વનો ભય હોતો નથી તે વાત નાનાલાલ જેવા મહાકવિની બાબતમાં સર્વાંશે સાર્થક લાગે છે. ગુડી પડવાનો દિવસ એ કવિનો જન્મદિવસ છે. કવિની સ્મૃતિ અનેક સાહિત્યકારોના તથા ભાવકો – ચાહકોના મનમાં આ સમયે વિશેષ તાજી થતી હશે તે નિઃસંદેહ છે. કવિ નાનાલાલ વિશે કહેવાય છે કે પિતા દલપતરામની કાવ્યશક્તિ તેમનામાં ઉતરી હતી પરંતુ પિતામહના ઉગ્ર લક્ષણો પણ કવિના વિચાર - વર્તનમાં જોવા મળતા હતા. અપ્રિય સત્ય ઉચ્ચારવાની આ કવિની શક્તિ હતી. મહાત્મા ગાંધીએ જેમ આજીવન સત્યની તપસ્યા કરી હતી તેમ નાનાલાલે જીવનમાં સતત સૌંદર્યની સાધના કરી હતી.

શતદલ પદમમાં પોઢેલો
હો - પરિમલ દાખવો હોય જો દીઠેલો.
ફૂલડે ફૂલડે વસંત શો વસેલો
પાંખડી પાંખડી પૂરેલો
ભ્રમર ભ્રમર કીધ સંગીત સોહામણો
પંખીડે પંખીડે પઢેલો
હો ! પરિમલ દાખવો હોય જો દીઠેલો.

કવીશ્વર દલપતરામ તથા આપણી ભાષાના તેજપુંજ સમાન નર્મદ એ બન્ને પોત પોતાની રીતે શ્રેષ્ઠ હતા તેમ કહેવું સર્વથા ઉચિત છે. બન્નેનું સાહિત્યમાં પ્રદાન પણ વિશાળ છે. આ બન્ને મહાકવિઓની શક્તિનું કવિ નાનાલાલને મૂલ્યાંકન હોય તે સ્વાભાવિક છે. વીર કવિ નર્મદના ગુણને ગરવાઈથી ગાઈને કવિ નાનાલાલે પોતાની વિશાળ દ્રષ્ટિ તેમજ સત્યવક્તાપણાનો અહેસાસ કરાવ્યો છે. તેઓ નર્મદને સૂરતના પ્રતાપી સૂર્ય તરીકે ઓળખાવે છે. વીર નર્મદના વ્યક્તિત્વને ઉપસાવતા કવિ નાનાલાલ કહે છે : "Great as a poet. Greater as a social thinker, Greatest as a man." (કવિ નાનાલાલ ગ્રંથાવલિ ભાગ-૪ પ્રકાશક : ગુજરાતી સાહિત્ય અકાદમી)

કવિ નાનાલાલ જયારે જયાં બોલ્યા છે ત્યાં સત્ય સાથેજ પરિસ્થિતિજન્ય વાસ્તવિકતા તેમણે ધ્યાનમાં લીધી છે. કવિતાની કળા તો તેમને પૂર્ણતઃ વરી હતી તેમ કહેવામાં અતિશયોક્તિ નથી. પરંતુ પોતાના વ્યાખ્યાનોમાં પણ તેમણે ઉચિત રીતે સંદર્ભ પ્રસંગો ટાંકીને વ્યાખ્યાનો રૂચિપૂર્ણ તેમજ હેતુ સારે તેવા સાર્થક કર્યા છે. ૧૯૨૬ના ઓગસ્ટ માસમાં મુંબઈની પ્રખ્યાત વિલ્સન કોલેજમાં જીવનમાં કવિતાના સ્થાન વિશે સરસ વાતો કરે છે.

પોતે જે પ્રવચન આપે છે તેમાં વિદ્યાર્થીઓ શ્રોતાજન છે તેનો કવિને ખ્યાલ છે. કવિ કહે છે કે કવિતા એ તો જીવનનો રસાનન્દ છે. ગુજરાતમાં ગવાય છે :

સાથે સબરસ લેતા જાજો,
કે આગળ નહિ મળે રે લોલ.

આમ ભાતાવિહોણી જીવનયાત્રા એટલે રસાનન્દવિહોણી જીવનયાત્રા તેવો વિચાર કવિ મૂકે છે. જેમ બાદશાહ ઔરંગઝેબને સંગીતનો વિરોધી ગણવામાં આવે છે તેમ કવિ નાનાલાલ એક કવિતાના વિરોધી પરંતુ સુપ્રસિધ્ધ વિચારકનું મંતવ્ય ટાંકે છે. કવિ કહે છે કે આપણા જે મહાન વિચારકો થયા તેમાં પ્લેટોનો સમાવેશ થાય છે. પરંતુ પ્લેટો કવિતાનો સંપૂર્ણપણે વિરોધી. પ્લેટો કહે કે કવિતા તો અસત્ય છે. (Farse) તે કહે છે કવિતા એટલે જુઠ્ઠાણું. પછી પ્લેટો ઉમેરે છે : મૃગજળ નથી ત્યાં પાણી દાખવે એ કવિતા. જો કે પ્લેટોની વિચારયાત્રાને અંજલિ આપતા નાનાલાલ કહે છે કે પ્લેટોની ફિલસૂફિ જેટલી અન્ય કોઈની ફિલસૂફિ કવિતા નજીક પહોંચી શકી નથી. છતાં એ કવિતાનો વિરોધી છે ! પછી કવિ નાનાલાલ સરસ વાત કરે છે. તેઓ કહે છે કે પ્લેટોની ટીકામાં તથ્યાંશ તો છે પરંતુ હસવા જેટલું. આ વાતને વિશેષ સ્પષ્ટ કરવા કવિ એક સુંદર પ્રસંગને ટાંકે છે. તેઓ કહે છે કે હોપ વાચનમાળાની રચના કરવાનો નિર્ણય થયો. શ્રીમાન હોપ એ અંગ્રેજ અમલદાર હતા જે તેમના શિક્ષણ પરત્વેના પ્રેમથી લોકપ્રિય થયા હતા. સુરતમાં તાપી નદી પરના એક પુલને 'હોપપુલ' તરીકેઓળખવામાં આવતો હતો. હોપે દલપતરામને આ વાચનમાળા તૈયાર કરી આપવા વિનંતી કરી. આ વાચનમાળામાં કંઈ 'અસત્ય' ન આવે તેમ કરવા પણ હોપે દલપતરામને જણાવ્યું. દલપતરામે કહ્યું એ તો અઘરું કામ ગણાય. હોપને આ વાતથી આશ્ચર્ય થયું. તેથી દલપતરામને કહ્યું : ''તમે તો સજ્જન માણસ. અસત્ય ન આવે તે તો તમને ગમે.'' દલપતરામ નિર્દોષ હાસ્ય કરતા કહે છે : ''અમારો તો અસત્યનોધંધો. કંઈ ન હોય ત્યાં પણ પુષ્પાવતી નગરીહતી તથા પુષ્પસેન રાજવી હતા તેમ કહીએ !'' હોપ તથા દલપતરામ બન્ને તે પછી હસી પડ્યા. પછી નાનાલાલ ઉમેરે છે : 'એ હસવા જેટલો સત્યાંશ પ્લેટોની કવિતા અંગેની ટીકામાં છે.'

શ્રેષ્ઠ ઊર્મિ કવિ નાનાલાલ વિપુલ સર્જન કરીને ગયા. પરંતુ તેઓ ઉત્તમ રીતેતો કવિતામાં પ્રગટ્યા. મહાકવિની સ્મૃતિને વંદન કરવાનો અવસર છે.

ગાંધીજીની જિંદગીભરની મથામણ 'ઈતિહાસ વિહોણા' માનવીઓને ઈતિહાસ સાથે જોડવાની રહી હતી

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

સમાજશાસ્ત્ર વિશેનું ચિંતન વિશ્વભરમાં ચાલી રહ્યું છે ધર્મ-સંપ્રદાય વર્ગ વગેરેની ચર્ચા અને સંશોધન વૈશ્વિક છે. આમ નાગરિકથી માંડીને રાજકીય નેતાઓ, પત્રકારો, સમાજસેવકો, ધર્મગુરુઓ પણ સમાજ વિજ્ઞાનથી ની જેમ સમાજ નું વિશ્લેષણ કરતા રહ્યા છે અને કરતા રહેશે. સમાજશાસ્ત્ર વિષય આજે વિશ્વની વિવિધ યુનિવર્સિટીમાં ભણાવાય છે, સંશોધનો થાય છે. પરંતુ આજે હવે એક એવી અનિવાર્યતા સામે આવી છે કે સમાજશાસ્ત્રીય રીતે વધુ મજબૂત અને પ્રભાવક બનાવવા માટે વિશ્વભરના સામાજીક વિજ્ઞાનીઓએ તમામ ઘટનાઓને તુલનાત્મક રીતે તપાસવી જોઈએ ગૌતમ બુદ્ધ પછી દુનિયાભરમાં કોઈ એક વિચાર વાતો વ્યાપક રીતે મિત્રો હોય તો એ છે ગાંધીવિચાર. ગાંધી પોતે કોઈ સમાજશાસ્ત્ર વિષય ભણ્યા ન હતા કે સમાજશાસ્ત્રનું અધ્યાપન પણ કર્યું નહોતું. તેઓ તો કાયદાના વિદ્યાર્થી હતા પણ તેમનું જીવન સમાજના જીવન જનસામાન્ય સાથે ઓતપ્રોત રહ્યુ હતું. પરિણામે તેઓના ચિંતનમાં જનસામાન્ય કેન્દ્રમાં રહે એટલું જ નહીં આ જનસામાન્યના જીવનમાં મૂળભૂત પરિવર્તન લાવવાના રચનાત્મક કાર્યક્રમો પણ તેમણે આદર્યા હતા. વર્તમાન સમયમાં જેને 'એક્શન સોશિયોલોજીઞ્ઞ તરીકે ઓળખવામાં આવે છે એના મૂળિયાં તો મો.ક. ગાંધીએ નાખ્યા હતા એમ કહેવામાં અતિશયોક્તિ નથી. સ્વાતંત્ર્ય આંદોલનની સમાંતર ભારત જેવા પ્રાચીન દેશમાં જ્ઞાતિ, ધર્મ, મહિલાઓ-બાળકો, લગ્ન, અર્થજીવન વગેરે જેવા અનેક પાસાઓ જે સમાજશાસ્ત્રનો વિષયવસ્તુ છે તેમાં ગાંધીએ ખૂબ વૈવિધ્યતા સભર અને સાતત્યપૂર્ણ રીતે સતત લખ્યું છે. આ લખાણને અને કદાચ સમાજશાસ્ત્રીય લખાણો તરીકે કોઈ ન સ્વીકારે પણ એમાં સામાજિક ચિંતન તો ખરું જ એવું ચોક્કસ સ્વીકારે. ગાંધીજીના ૮૦ થી વધુ અક્ષરદેહમાંથી ગ્રંથોમાં ગાંધીએ જે લખ્યું છે એ કોઈપણ સમાજશાસ્ત્ર ના વિદ્યાર્થી કે અધ્યાપક માટે બહુ જ મોટું ભાથું છે. જેવી રીતે બાબાસાહેબ આંબેડકરના ચિંતનમાં સામાજિક અને આર્થિક મુદ્દાઓની સાથે પદદલિતો કેન્દ્રમાં છે એટલે આપણે આંબેડકરના વિચારોને જેમ આપણે જેઞ્ઞઞ્ઞીહિ અભ્યાસોમાં સમાવ્યા છે એ દ્રષ્ટિએ ગાંધી પણ જેઞ્ઞઞ્ઞીહિ જેઞ્ઞીજ નું કેન્દ્ર બની શકે અને બનવું જોઈએ. ગાંધીજીની જિંદગીભરની મથામણ 'ઈતિહાસ વિહોણાઞ્ઞ માનવીઓને ઈતિહાસ સાથે જોડવાની રહી હતી.

'વંચિતોના વાણોતર'ને એટલે જ ટાઈમ મેગેઝિન શ્રેષ્ઠ મહામાનવ તરીકે બિરદાવે છે

આજે જયારે આપણે સમાજશાસ્ત્રના પાઠ્યપુસ્તકોમાં ભૂમિકા, દરજ્જો, સહકારને સ્થાન આપ્યું છે ત્યારે તેને ભણાવતી વખતે તેમાં અપાતા ઉદાહરણ જો ગાંધીના જીવન સાથે જોડાયેલા હોય તો એ વિદ્યાર્થીને તરત સમજાઈ જાય એમ છે ઉદાહરણ તરીકે જોઈએ તો સ્ત્રીઓના દરજ્જાની વાત કરવાની હોય કે માણસની ભૂમિકા કેવી હોવી જોઈએ એની ચર્ચામાં ગાંધીના સ્ત્રી-પુરૂષની સમાનતાની વાતમાં ×વૈષ્ણવજન× અચૂક યાદ આવે છે. એવી જ રીતે જો આપણે ૧૯મી સદીના અંત અને ૨૦મી સદીના શરૂઆતના દાયકાઓના ગુજરાત અને ભારતને ભણવું હોય તો ગાંધી ચિંતન અને ગાંધી વિચાર સમાજશાસ્ત્રના અભ્યાસક્રમનો હિસ્સો બને. સમાજશાસ્ત્ર ના વિવિધ અભ્યાસક્રમોમાં ગાંધી પ્રવેશ કરીએ તો ઈતિહાસ સાથે વર્તમાન અને ભવિષ્યને પણ સાંકળી શકાય છે વિશ્વ શાંતિની ચર્ચામાં અહિંસા કેન્દ્રમાં હોય તો એક એક બાજુ નેલ્સન મંડેલા, માર્ટિન લ્યુથર કિંગ, સિસીલીના ગાંધી દાનીલો દોલચીથી માંડીને બરાક ઓબામા સુધી ગાંધીપ્રભાવ છે. આ પ્રભાવ સમાજશાસ્ત્રના અભ્યાસોમાં અને ચર્ચાઓમાં આપણે ઉમેરીએ અને એમ કરતા ગાંધીની ટીકા-ટિપ્પણ કરીએ તેમ છતાં વાદ-વિવાદ-સંવાદનો તર્ક સુપેરે આપી શકાય.

ગાંધીના લખાણો કોઈ કલ્પના નથી, તે બિહારમાં જાય કે નોઆખાલી જાય, પંજાબ જાય કે જાય દક્ષિણ ભારતમાં કે મુંબઈમાં ફરે, ગાંધીજી જે દર્શન આપે છે અને તેમનું તે શાબ્દિક વર્ણન નથી. ગાંધી તેનું અર્થઘટન પણ મૂકે છે. એ સમાજનું વિશ્લેષણ છે સામાજિક અર્થઘટન ઈતિહાસ અને વર્તમાન સાથેના વિશ્લેષણ સાથેનું છે આ સંદર્ભમાં ગાંધીને સમાજશાસ્ત્રી અથવા તો સામાજિક ચિંતક ચોક્કસ કહી શકાય.

સમાજશાસ્ત્રમાં આપણે લગ્ન, ધર્મ, કુટુંબ અને જ્ઞાતિ એ ચાર મહત્વની સામાજિક સંસ્થાઓની વિગતો વર્ગખંડમાં ભણાવીએ છીએ. ગાંધીએ એ જમાનામાં એટલે કે આજથી સો વર્ષ કરતા વધુ સમય પહેલા આ ચારેય મહત્વની સામાજિક સંસ્થાઓની શું સ્થિતિ હતી એની વિગતો તેમણે લખી છે. ચારેય સામાજિક સંસ્થાઓની ગુજરાતમાં કેવી સ્થિતિ હતી તેનો ચિતાર તેમણે આપ્યો છે. આપણે જ્યારે સામાજિક ઈતિહાસ ભણાવવાની વાત કરતા હોઈએ તો ૧૮મી અને ૧૯મી સદીથી માંડીને આઝાદી સુધી ગાંધી સિવાય કોઈ વ્યક્તિત્વ સામાજિક ઈતિહાસ સમજાવી ન શકે એવી સ્થિતિ છે. અને